# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-06-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## વિજય રૂપાણી-પંચમહાભુતમાં વિલીન:

અમદાવાદ વિમાની દુર્ઘટનામાં ભોગ બનેલ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી, સૌરાષ્ટ્રના અગ્રીમ નેતા વિજયભાઈ રૂપાણીની ગઈકાલે અંતિમયાત્રા રાજકોટમાં નીકળી ત્યારે વાતાવરણ શોકમય બની ગયું હતું.

હીરાસર એરપોર્ટથી ગ્રીનલેન્ડ ચોકડી પાર્થિવ શરીર લવાયા બાદ તે શહેરના મુખ્યમાર્ગો ઉપરથી પસાર થયો હતો. ચૌધરી હાઈસ્કૂલ સામે આવેલા મણિયાર જિનાલયે મોક્ષરથ ઊભો રહ્યો હતો અને ત્યાંથી પ્રકાશ સોસાયટી સ્થિત નિવાસસ્થાને પહોંચ્યો હતો. સમગ્ર રૂટ ઉપર હજારો લોકોએ પોતાના નેતાને છેલ્લી વિદાય આપી હતી.

સાંજે પોણા છ વાગ્યે મોક્ષરથ તેમના નિવાસસ્થાને પહોંચ્યો હતો. બાદમાં નજીકમાં જ આવેલા પ્રગટેશ્વર મહાદેવ મંદિરે તેમના પાર્થિવ દેહને લઈ જવામાં આવ્યો હતો. અહીં કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ, સી.આર. પાટિલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તેમજ અન્ય તમામ રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં `ગાર્ડ ઓફ ઓનર' સાથે દિવંગતને અંતિમ વિદાયમાન આપવામાં આવ્યું હતું. વરસતા વરસાદમાં પણ લોકોની અશ્રુધારાઓ સ્પષ્ટ નજરે ચડી હતી. સાંજે 7.30 વાગ્યા આસપાસ તેમની અંતિમ યાત્રા નીકળી હતી. સ્મશાન ગૃહમાં શાત્રોક્ત વિધિવિધાન સાથે રાત્રે 10.15 આસપાસ વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર કરાયાં ત્યારે ભાવુક દૃશ્યો સર્જાયાં હતાં.

---------------------------------------------------------------------------------

## વસતી ગણતરી :

કેન્દ્ર સરકારે વસતિ ગણતરી માટે એક જાહેરનામું બહાર પાડ્યું છે, જેની પ્રક્રિયા માર્ચ 2027થી શરૂ થશે. ગૃહ મંત્રાલયે બહાર પાડેલા જાહેરનામા અનુસાર, લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશો, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યોના બરફથી પ્રભાવિત વિસ્તારો સિવાય, વસતિ ગણતરી માટે તારીખ 1 માર્ચ, 2027 રહેશે. બરફથી પ્રભાવિત વિસ્તારોની વસતિ ગણતરી માટે સંદર્ભ તારીખ 1 ઓક્ટોબર, 2026 નક્કી કરવામાં આવી છે.

આ ગણતરીમાં પ્રથમવાર જાતિગત વસતિ ગણતરી પણ હાથ ધરાશે. આ કાર્યમાં 34 લાખ ગણતરીકારો અને સુપરવાઇઝર અને લગભગ એક લાખ 30 હજાર કાર્યકરો સામેલ થશે, જેઓ અત્યાધુનિક મોબાઇલ ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરશે. વસતિ ગણતરી બે તબક્કામાં હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં હાઉસ લિસ્ટિંગ ઓપરેશન કે જેમાં દરેક ઘરની રહેણાંક સ્થિતિ, મિલકતો અને સુવિધાઓ વિશે માહિતી એકત્રિત કરાશે. બીજા તબક્કામાં વસતિ ગણતરી કે જેમાં દરેક વ્યક્તિની વસતિ વિષયક, સામાજિક-આર્થિક, સાંસ્કૃતિક અને અન્ય માહિતી એકત્રિત કરાશે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ-વરસાદ :

કચ્છમાં ચોમાસાની શરૂઆત થઈ હોય તેમ  છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા વિવિધ વિસ્તારમાં હાજરી પુરાવી રહ્યા છે. ગઈકાલે માંડવી અને અબડાસા પંથકમાં અસહ્ય ઉકળાટ બાદ એકથી બે ઇંચ જેટલું પાણી વરસતાં લોકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. તો જિલ્લામથક ભુજમાં રાત્રે 10 વાગ્યાના આસપાસ વીજળીના કડાકા સાથે ભારે ઝાપટું વરસ્યુ હતું.  આજે જિલ્લાના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઇ છે.

માંડવી તાલુકાના ગઢશીશામાં સવારે અસહ્ય બફારા બાદ બપોરે 3.15ની આસપાસ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. સાંજે સાડા પાંચ વાગ્યા સુધી અંદાજીત અડધો ઇંચ જેટલું પાણી વરસ્યું હતું.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ગાજ વીજ સાથે પોણો ઈંચ વરસાદ વરસ્યો હતો. કોઠારા, કનકપર, સાંધાણ, ધનાવાડા, નુંધાતડ સહિતના ગામમાં અડધાથી એક ઇંચ, દરિયા પટાના રાયગઢ, સિંધોડી, સુથરીમાં પોણો ઈંચ, તેરા, હમીરપર, ધુફી, બિટ્ટા, સહીતના ગામોમા એક ઈંચ જેટલો વરસાદ પડ્યો હોવાના અહેવાલ છે.

દરમ્યાન  જીલ્લા કંન્ટ્રોલ રૂમ પાસેથી મળતી માહિતી મુજબ  સવારે આજે 6 વાગ્યા સુધીમાં  પુરા થતાં 24 કલાકમાં  માંડવીમાં 81 મિલીમીટર, મુન્દ્રામાં 41, ભુજ 30, ગાંધીધામ 31, નખત્રાણા 18, ભચાઉ 14, અંજાર 9 અને અબડાસામાં 8 મિલીમીટર વરસાદ નોંધાયો છે.

---------------------------------------------------------------------------------

## વરસાદની આગાહી:

હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્ર અને કચ્છના છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. સમગ્ર ગુજરાત, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, દરિયાકાંઠાના કર્ણાટક, ગંગાના કાંઠાના પશ્ચિમ બંગાળ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ઓડિશા અને પૂર્વોત્તર રાજ્યોમાં પણ આગામી બે-ત્રણ દિવસ દરમિયાન ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

દિલ્હી-એનસીઆરમાં પણ આ મહિનાની 20મી તારીખ સુધી ગાજવીજ, વીજળી અને તોફાની પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે.

---------------------------------------------------------------------------------

## મૃતકોના DNA:

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી **119 DNA** નમૂના મેચ થયા છે. જ્યારે **76** પાર્થિવ દેહ સ્વજનોને સોંપાયા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું કે **DNA** નમૂના મેચિંગની પ્રક્રિયા ઝડપી બની રહી છે અને એક કે બે દિવસમાં પૂર્ણ થઈ શકે છે.

---------------------------------------------------------------------------------------------

## ગો સેવા સંગમ:

ગુજરાતનાં સૌપ્રથમ એવા ત્રિ દિવસીય "ગો સેવા સંગમ" ની સાથે વિશેષ એવી નારાયણ નંદી શાળાનો ગઇકાલથી આરંભ થયો છે. **18** જૂન સુધીચાલનારા ત્રિદિવસીય ગૌ ઉત્સવમાં અલગ અલગ સત્રોમાં ગાયમાતાના ગુણગાન ગવાશે સાથે ગો કથાનું પણ આયોજન કરાયું છે. ગઇકાલે સવારે પોથીયાત્રા, યજ્ઞ તેમજ નંદી પૂજનની સાથે કાર્યક્રમનો આરંભ થયો હતો. પ્રથમ સત્રમાં ગૌ કથા યોજાઇ હતી.બપોર બાદના સત્રમાં  ગાયના ખેતીમાં રહેલા મહત્વ વિશે જણાવવામાં આવ્યૂં હતુ.બંને સત્રોના અંતે નંદીશાળા ના સંચાલકો અને નિરાશ્રિત ગાયોની સેવા કરતી સંસ્થાઓનુ સન્માન કરાયું હતું. આજે સવારે ગૌ પ્રેમી મહિલાઓ, ગો-ઉદ્યમીઓ, માલધારીઓ તથા પંચગવ્ય ઉતપાદકોનું સન્માન કરાશે.

---------------------------------------------------------------------------------------------